## જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જુનાગઢ
## સને–૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (આંક–૨૨) ની કલમ–૩૭(૩) અન્વયેનુ જાહેરનામુ.

નં.એમએજી/સી/૩૭(૩)/૩૬૩૩/૨૦૧૩ તા.૧૦ /૦૭/૨૦૧૩.

### –:: જાહેરનામુ ::–

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં.રી/એલઆઈબી/જાહેરનામું/સભા–સરઘસ/૨૦૯૨/૧૩, તા.૫/૭/૨૦૧૩ થી (૧) ગીરનાર પર્વત ઉપર ગુરુ દત્તાત્રેયની જગ્યા ખાતે તથા હિન્દુ અને જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, અને તેના અનુસંધાને ગુન્હાઓ પણ દાખલ થયેલ હોય તથા (૨) વેરાવળ/પ્રભાસપાટણ કોમી દ્રષ્ટીએ અત્યંત સંવેદનશીલ હોય નાના સરખા બનાવથી અફવાઓના કારણે હીન્દુ મુસ્લીમ વચ્ચે ઘર્ષણ થવા સંભાવના રહે છે.અફવાના બનાવો ધ્યાને લેતાં વિશેષ તકેદારી ઈચ્છનીય છે. તથા (૩) વીજ પુરવઠો અનીયમીત અને પુરતા પ્રમાણમાં મળતો ન હોય, કિસાનો ધ્વારા જીઈબી સબ સ્ટેશન ઘેરાવ/વિરોધ જેવા આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવે તેમજ હાલમાં મોંઘવારીના પ્રશ્ને પણ આંદોલનો થવાની શકયતા નકારી શકાય નહી. (૪) ઉપલા દાતાર ખાતે ભંડારીની નિમણુંકના પ્રશ્ને હિન્દુ અને મુસ્લીમ સમાજ વચ્ચે વિવાદ ચાલે છે. જેથી પ્રવર્તમાન સંજોગોમાં સવિશેષ તકેદારી રાખવાની આવશ્યકતા છે. જેથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહશાંતી જળવાઈ રહે તે હેતુસર સભા–સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત વ્યાજબી જણાતા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ના આંક–૨૨ ની કલમ–૩૭ ની પેટા કલમ–૩ થી મને મળેલ અધિકારની રૂએ હું એ.વી.વાઢેર, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ આથી જૂનાગઢ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં **તા.૧૪/૭/૨૦૧૩ ના રોજથી તા.૨૭/૭/૨૦૧૩** (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ.
૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને
૩) કોઈ લગ્નના વરઘોડાને
૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને
૫) સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ–૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા.૨૦૦/– સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણના માનવ જીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને–૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા.૧૦૦૦/– સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ– ૧૦ મી, માહેઃજુલાઈ, સનેઃ ૨૦૧૩ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યુ.

10/7/13
(એ.વી.વાઢેર)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
જુનાગઢ જીલ્લો, જૂનાગઢ.

નકલ રવાના :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ.

— જાહેરનામાની વધારાની ૩૫ નકલો આ સાથે સામેલ છે. તો આપના તાબાની તમામ પોલીસ ઈન્સ્પેક્ટરને મોકલી આપવા તથા બહોળી પ્રસિધ્ધિ કરાવવા તથા પ્રસિધ્ધીનો દાખલો દફતરે રાખી જાહેરનામાની અમલવારી કરાવવા વિનંતી છે.

(૨) કમીશ્નરશ્રી, જુનાગઢ મહાનગરપાલીકા, જુનાગઢ.

(૩) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ, વેરાવળ, કેશોદ.મેંદરડા, ઉના, વિસાવદર.

(૪) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ, વેરાવળ, કેશોદ, માંગરોળ.

(૫) મામલતદારશ્રી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢ, વિસાવદર, ભેંસાણ, વંથલી, માણાવદર, વેરાવળ, તાલાળા, સુત્રાપાડા, ઉના, કોડીનાર, કેશોદ, માંગરોળ, માળીયા, મેંદરડા.

(૬) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા/બરો — કેશોદ, વેરાવળ, ઉના, માંગરોળ, વિસાવદર, કોડીનાર, તાલાળા, સુત્રાપાડા, વંથલી, માણાવદર, બાંટવા, ચોરવાડ.

(૭) પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી, વેસ્ટર્ન રેલ્વે, જુનાગઢ.

—ક્રમ : ૨ થી ૭ :— જાહેરનામુ પ્રસિધ્ધીનો દાખલો કચેરીના રેકર્ડ પર રાખવા તથા અમલવારી કરવા અર્થે.

(૮) નાયબ માહિતી નિયામકશ્રી, માહિતિ ખાતુ, જુનાગઢ.

— પ્રસિધ્ધ થયેલ જાહેરનામાની સમાચાર પત્રોમાં પ્રેસનોટ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધી કરાવી કચેરીના રેકર્ડ પર રાખવા અર્થે.

(૯) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

— હુકમની નકલ આ સાથે છે તો તેની ગુજરાત રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા તેની પાંચ નકલો તુરંત જ આ કચેરીના રેકર્ડ સારૂ મોકલી આપવા સારૂ.

(૧૦) શાખા અધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા.

— ગેઝેટ મેળવી આ જાહેરનામાની પાછળ રાખી કાયમી રેકર્ડ તરીકે રાખવા અર્થે.

નકલ સવિનય રવાના :

૧) નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જુનાગઢ.

નકલ :-

આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.